| અ.નં. | યોજનાનુંનામ | પેજનંબર |
|---|---|---|
| ૦૧ | ચિરંજીવી યોજના | |
| ૦૨ | દીકરી યોજના | |
| ૦૩ | બાળસખા યોજના | |
| ૦૪ | જનની સુરક્ષા યોજના (JSY) | |
| ૦૫ | રાષ્ટ્રીય પરિવારનિયોજન | |
| ૦૬ | મમતા ડોલી (પાલખી) | |
| ૦૭ | મમતાતરૂણી | |
| ૦૮ | કસ્તુરબા પોષણ સહાય યોજના (KPSY) | |
| ૦૯ | જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ (JSSK) | |
| ૧૦ | મમતાસખી | |
| ૧૧ | મમતાઘર | |
| ૧૨ | મિશન બલમ સુખમ (ગુજરાત સ્ટેટ ન્યુટ્રીશન મિશન) | |
| ૧૩ | શાળા આરોગ્ય કાર્યક્રમ- રાષ્ટ્રીય બાળસ્વાસ્થ્ય કાર્યક્રમ | |
| ૧૪ | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના (RSBY) | |
| ૧૫ | મુખ્યમંત્રી અમૃતમ "માં" યોજના તથા "માવાત્સલ્ય" યોજના | |
| ૧૬ | રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓ ને જંતુ નાશક દવાયુક્ત મચ્છરદાની પૂરી પાડવી | |
| ૧૭ | રાષ્ટ્રીય રક્તપિત નિર્મુલન કાર્યક્રમ | |
| ૧૮ | નેશનલ આર્યન +ઈનીશેટીવ | |
| ૧૯ | અટલ સ્નેહ યોજના | |
| ૨૦ | વૈદકી યસહાય (T.B., HIV, રક્તપિત્ત) | |
| ૨૧ | મુખ્યમંત્રી નિઃશુલ્ક નિદાન યોજના (M.N.N.Y.) | |
| ૨૨ | પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભીયાન (P.M.S.M.A.) | |
| ૨૩ | સ્તન અને ગર્ભાશ્ય ના મુખ ના કેન્સર નું સ્કીનીંગ, નિદાન અને સારવાર કાર્યક્રમ | |

| | | |
|---|---|---|
| ૨૪ | માસિક ઋતુ ચક્ર આરોગ્ય (મેન્સ્ટ્રુઅલહાયજીન) કાર્યક્રમ | |
| ૨૫ | આરોગ્ય સેતું કાર્યક્રમ | |

# ૦૧-ચિરંજીવીયોજના

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનુંનામ/પ્રકાર | ચિરંજીવીયોજના |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતાનાંમાપદંડ | આ યોજના માં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ.કાર્ડ ધરાવતી) કુટુંબ ની પ્રસુતા બહેનો તથા ગરીબીરેખા હેઠળ ઉપરની (એ.પી.એલ.કાર્ડધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જનજાતિ કુટુંબો ની પ્રસુતા બહેનો ને લાભ આપવામાં આવે છે, જે લાભાર્થી પાસેબી.પી.એલ કાર્ડ ઉપલબ્ધન હોય તેમણે તે ઓ ના વિસ્તાર નાં તલાટી કમ મંત્રી, સરપંચ, મામલતદાર, મુખ્ય અધિકારી પાસેથી આવક નું પ્રમાણ પત્ર મેળવવા નું રહેશે. |
| ૩ | યોજના અંતર્ગત સહાય/લાભ | આ યોજના હેઠળ પ્રસુતા બહેનો સરકાર દ્વારા નક્કી કરાયેલા ખાનગી દવાખાનામાં વિના મુલ્યે પ્રસુતિ કરાવી શકે છે.  દવા ખાનામાં દાખલ થનાર પ્રસુતા એ દવા ખાનામાં કોઇ પણ રકમ ચુકવવા ની હોતી નથી. એટલુંજ નહી પણ સારવાર માટે ની જરૂરી દવા ઓ પણ ડોક્ટર જ આપશે અને તેપણ વિનામુલ્યે ઉપરાંત પ્રસુતાને દવાખાને આવવા માટે ભાડા પેટે રૂ.૨૦૦ ડોક્ટર દ્વારા રોકડા આપવા માં આવશે |
| ૪ | યોજના નો લાભ મેળવવામાટેની પદ્ધતિ | યોજના નો લાભ લેવા માટે ફોર્મ ભરવાનું થાય છે. અને તેની સાથે જરૂરીદસ્તાવેજ જેવાકે બી.પી.એલ કાર્ડ ની નકલ અથવા આવક નો દાખલો મુકવા નોથાય છે. |
| ૫ | યોજના નો લાભ ક્યાંથી મળશે | જિલ્લા માં ચિરંજીવી યોજના માં જોડાયેલ ખાનગી સ્ત્રીરોગનિષ્ણાંત તબીબોને ત્યાં. |

## ૦૨-દીકરીયોજના

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | દીકરી યોજના |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ | ફક્ત એક કે બે દીકરી ઓ હોય તેવા દંપતી પૈકી કોઈએક નસબંધીઓપરેશન કરાવે તો તેઓને રાષ્ટ્રીય બચતપત્રો આપવા ની રાજય સરકારશ્રી ની ખાસ પુરસ્કારયોજના છે.(દીકરો નહોય) |

| | | |
|---|---|---|
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | (૧) ફક્ત ૧દીકરી હોય તેવા દંપતિને રૂ.૬૦૦૦/-(NSC)<br>(૨) ફક્ત ૨ દીકરી હોય તેવા દંપતી ને રૂ.૫૦૦૦/- (NSC) |
| ૪ | **યોજના નો લાભ મેળવવામાટે ની પદ્ધતિ** | જે જગ્યાએ કુટુંબનિયોજન નું ઓપરેશન કરાવેલ હોય તે હોસ્પિટલ / કેન્દ્ર ખાતે અરજી કરવા ની |
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | યોજના નો લાભ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ની કચેરી દ્વારા આપવામાં આવશે .(THO,MO) |

## ૦૩-બાળ સખા યોજના

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | બાળ સખા યોજના |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ | આ યોજના માં ગરીબીરેખા હેઠળ નાં (બી.પી.એલ.કાર્ડ ધરાવતા) કુટુંબ નાં ૩૦દિવસ સુધી ના નવજાતશિશુઓ તથા આવકવેરોનભરતા હોય તેવા અનુસુચિતજનજાતિ ના તથા વાર્ષિકરૂ.૨,૦૦,૦૦૦લાખ ની વાર્ષિક આવક ધરાવતા "નીયોમિડલ ક્લાસ" કુટુંબ નાં તમામ નવજાતશિશુ ઓ ને લાભ આપવામાં આવે છે. |
| ૩ | યોજના અંતર્ગત સહાય/લાભ | આ યોજના હેઠળ નાં લાભાર્થી નવજાતશિશુઓ ને આ યોજના માં જોડાયેલ ખાનગી બાળરોગનિષ્ણાંતો દ્વારા તેઓની હોસ્પિટલ માં નવજાતશિશુઓ ને લગતી કોઇ પણ બિમારી માટે નિ:શુલ્કસેવાઓ આપવામાં આવે છે. બાળ રોગ નિષ્ણાંત નવજાતશિશુનાં સગાને વાહનવ્યવહાર પેટે રૂ.૨૦૦/- લેખે વાઉચર ઉપર સહી લઈ ને તુરત જ ચૂકવી આપશે. |
| ૪ | યોજના નો લાભ મેળવ વા માટે ની પદ્ધતિ | જે બાળકો નો જન્મ સરકારી સંસ્થાઓ અથવા ચિરંજીવી યોજના હેઠળ થાય, તેમજ ઘરે જન્મ થયેલ હોય અથવા ઘરે ગયા પછી ૩૦દિવસની ઉમર સુધી આ યોજના નો લાભ મળવાપાત્ર છે. કોઇ પણ આરોગ્ય કર્મચારી/આશા દ્વારા તે રીફર થયેલ હોવો જોઈએ |
| ૫ | યોજના નો લાભ ક્યાંથી મળશે | જિલ્લા માં જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાંત તબીબો ને ત્યાં. |

## ૦૪-જનની સુરક્ષા યોજના (J.S.Y.)

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | જનની સુરક્ષા યોજના |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ | આ યોજના માં ગરીબી રેખાહેઠળ ની બી.પી.એલ કાર્ડ ધરાવતી કુટુંબ ની પ્રસુતા બહેનો, અનુસુચિતજાતી તથા અનુસુચિતજનજાતી કુટુંબો ની તમામ પ્રસુતા બહેનો ને લાભ |

| | | |
|---|---|---|
| | | આપવામાં આવે છે. |
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | આ યોજના હેઠળલાભાર્થીનેરૂ.૭૦૦/- ગ્રામ્યવિસ્તારમાં તેમજ રૂ.૬૦૦/- શહેરી વિસ્તાર માં પોષણયુક્ત ખોરાક, પ્રસુતિ સમયે થતો દવા નો ખર્ચ કે અન્ય કોઈ ખર્ચ ને પહોંચી વળવા માટે સગર્ભાવસ્થા નાં છેલ્લા ત્રણ મહિના ના સમય ગાળા માં ચુકવવા માં આવે છે. |
| ૪ | **યોજના નો લાભ મેળવવા માટેની પદ્ધતિ** | આ યોજના અંતર્ગત સહાય માટે સ્ત્રીઆરોગ્યકાર્યકર પાસે ફોર્મ ભરાવવા નું રહેશે અને સાથે બી.પી.એલ કાર્ડનો અથવા આવક નો પુરાવો લગાવવા નો રહેશે. |
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | સ્ત્રીઆરોગ્યકાર્યકર (આપના વિસ્તાર) નાં દ્વારા આપ ને આ લાભ આપવામાં આવશે. |

## ૦૫- રાષ્ટ્રીય પરિવાર નિયોજ નકાર્યક્રમ (F.P.)

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | **રાષ્ટ્રીય પરિવાર નિયોજન કાર્યક્રમ** |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ | મહિલા લાભાર્થી માટે: લગ્ન કરેલ હોય તે ની ઉંમર ૨૨વર્ષથી ૪૯ વર્ષ ની વચ્ચે ની હોવીજોઈએ તથા એક તેને બાળક હોવું જોઈએ અને તેની ઉંમર ૧વર્ષ થી વધારે હોવી જોઈએ, પતિ નું નસબંધી ઓપરેશન ન થયેલ હોવું જોઈએ (બે માંથી એક આ પદ્ધતિ ન અપનાવેલ હોવી જોઈએ, તેની માનસિક અવસ્થા સારી હોવી જોઈએ)<br>પુરૂષ લાભાર્થી માટે: લગ્ન કરેલ હોય, તેની ઉંમર ૬૦વર્ષ થી નીચે હોવી જોઈએ એક બાળક હોવું જોઈએ અને તેની ઉંમર ૧વર્ષ થી વધારે હોવી જોઈએ, લાભાર્થી ની પત્ની નું ઓપરેશન ન થયેલ હોવું જોઈએ (બે માંથી એક આ પદ્ધતિ ન અપનાવેલ હોવી જોઈએ, તેની માનસિક અવસ્થા સારી હોવી જોઈએ) |
| 3 | યોજના અંતર્ગત સહાય/લાભ | નીચે મુજબ (see table below) |
| ૪ | યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ | આ યોજના નો લાભ લેવા માટે ઓપરેશન વખતે ફોર્મ ભરવાનું હોય છે |
| ૫ | યોજના નો લાભ ક્યાંથી મળશે | પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર દ્વારા ઓપરેશન કરાવો તો લાભાર્થી ને રોકડ સહાય આપવામાં આવશે. |

| વિગત | લાભાર્થી ને રોકડ સહાય | મોટીવેટર |
|---|---|---|
| વાઝેકટોમી(દરેક) | ૨000/- | 300/- |
| ટ્યુબેકટોમી-સ્ત્રીવ્યંધીકરણ | ૧૪00/- | ૨00/- |
| ટ્યુબેકટોમી-સ્ત્રીવ્યંધીકરણ ( પ્રસુતિ બાદ ૭ દિવસ માં કરાવે તે માટે) | ૨૨00/- | 300/- |

## ૦૬-મમતા ડોલી(પાલખી)

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | **મમતા ડોલી (પાલખી)** |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં | આ યોજના અંતર્ગત જે વિસ્તારમાં સગર્ભા માતા ને જરૂર નાં સમયે સંસ્થાસુધી લઈ જવા કોઈ પણ પ્રકારના વાહન ની સુવિધા ન હોય |

| | | |
|---|---|---|
| | **માપદંડ** | અથવા ૧૦૮ ને ગામો સુધી ન પહોચી શકતી હોય તેવા નક્કી કરેલા ગામો. |
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | આ યોજના અંતર્ગત જ્યાં કોઈ પણ પ્રકારની વ્યવસ્થા ન હોય તે વા સંજોગો માં સગર્ભાને નજીક ના ૧૦૮ સુવિધા/ કોઈ વાહન અથવા નજીક સારવાર કેન્દ્ર સુધી પહોચાડવા કોઈ પણ વ્યક્તિ અથવા વ્યક્તિઓને રૂ.૨૦૦/- આપવાનો છે. |
| ૪ | **યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ** | આ રકમ જે વ્યક્તિ/વ્યક્તિઓ સગર્ભાને નિયત સ્થાને પહોચાડવા માટે મળે છે. |
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | ગ્રામ્ય આરોગ્ય સ્વચ્છતા સમિતિ માંથી રૂ.૨૦૦/- ચુકવવામાં આવશે. |

## ૦૭-મમતા તરૂણી

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | **યોજના નું નામ/પ્રકાર** | **મમતા તરૂણી** |
| ૨ | **યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ** | ૧૦ થી ૧૯ વર્ષ ની શાળા એ ન જતી કિશોરી ઓ ને આવરી લેવામાં આવે છે. |
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | ૧.દરેક લાભાર્થીને એક માસ ની જરૂરિયાત જેટલી લોહતત્વ ની ગોળી (મહિના ની ૪) આપવાની રહેશે.<br>૨.તરૂણી ઓનું વર્ષ માં ત્રણ વાર વજન કરવા માં આવશે અને વજન મોનીટરીંગ કરવામાં આવે છે.<br>૩.જીવન શિક્ષણ વિશે વાર્તાલાપ કરવાનો રહેશે.<br>૪.ટી.ટી:(ધનુરવા નીરસી)-૧૦ અને ૧૬ વર્ષ ની તરૂણી ઓ ને આપવામાં આવે છે.<br>૫.મમતા તરૂણી દિવસે દરેક કેન્દ્ર માં છ માસ ના સમયાંતરે મહિલા આરોગ્યકાર્યકર દ્વારા હિમોગ્લોબીન (એચ.બી) માપવાનું રહેશે.<br>૬.રેફરલ ની જરૂરિયાત અનુસાર, તરૂણી ને એડોલેસન્ટ ફ્રેન્ડલી હેલ્થ સેન્ટર (AFHS) કે અન્ય કેન્દ્ર માં રીફર કરવાનું રહેશે.<br>૭.જુથ પૈકી ની ઓછામાં ઓછા વજન વાળી ૧૦ છોકરી ઓ સંકલિત બાળ વિકાસ યોજના ની કિશોરી શક્તિ પુરક આહાર માટે પાત્ર બનશે. |
| ૪ | **યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ** | ૧૦ થી ૧૯ વર્ષ ની શાળા એ ન જતી કિશોરી ઓ એ આશાબેન પાસે પોતા નું નામ નોંધાવવાના રહેશે. |
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | ગામ માં યોજાતા મમતા દિવસે તેમજ આંગણવાડી ને ત્યાંથી યોજના નો લાભ મળશે. |

## ૦૮-કસ્તુરબા પોષણ સહાય યોજના (K.P.S.Y.)

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | **યોજના નું નામ/પ્રકાર** | **કસ્તુરબા પોષણ સહાય યોજના** |
| ૨ | **યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ** | શહેરી અને ગ્રામ્ય વિસ્તાર ની ૦ થી ૨૦ બી.પી.એલ. સ્કોર ધરાવતા કુટુંબ ની સગર્ભા માતા ઓ ત્રણ બાળકો સુધી ની પ્રસુતિ માટે સૂચવ્યા પ્રમાણે રૂ.૬૦૦૦/- ની નક્કી કરેલ રકમ ત્રણ તબક્કામાં એટલે કે પ્રતિ તબક્કે રૂ.૨૦૦૦/- ઠરાવેલ શરતો થી સહાય આપવા ની રહેશે. જે જીલ્લા ઓ માં ઇન્દીરાગાંધી માતૃત્વ સહયોગ યોજના (IGMSY) લાગુ પડતી હોય ત્યાં તેના લાભાર્થી ન હોય તેનેજ આ યોજના નો લાભ મળશે. |
| ૩ | **યોજના અંતર્ગત** | ૧.સગર્ભા વસ્થા માં પ્રથમ છ માસ માં આંગણવાડી ખાતે મમતા દિવસ માં સગર્ભા |

| | | |
|---|---|---|
| | **સહાય/લાભ** | વસ્થાની નોંધણી કરાવવા થી રૂ.૨૦૦૦/- ની સહાય.<br>૨.સરકારી દવાખાના માં કરાવેલ સુવાવડ ના પ્રથમ અઠવાડિયા માં રૂ.૨૦૦૦/- ની સહાય.<br>૩.બાળક ની માતા ને પોષણ સહાય રૂપે બાળક ના જન્મ બાદ ના ૯ મહિના પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરી ની રસી સાથે વિટામીન-એ આપ્યાબાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ રૂ.૨૦૦૦/- ની સહાય આમ કુલ રૂ.૬૦૦૦/- ની સહાય દરેક લાભાર્થી માતા ને મળશે. |
| ૪ | **યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ** | ૧. લાભાર્થી એ મમતા દિવસે સગર્ભાવસ્થા ના પ્રથમ છ માસ ના ગાળા માં એફ.એચ.ડબ્લ્યુ. પાસે નોધણી કરવાથી લાભ મળવા પાત્ર થશે.<br>૨. ગરીબી રેખા હેઠળ ની સગર્ભા માતા એ સુવાવડ સરકારી દવાખાના મા કરાવવા થી બીજો હપ્તો મળવા પાત્ર થશે.<br>૩. ગરીબી રેખા હેથળ ની માતા ના બાળક ને બાળક ના જન્મ બાદ ના ૯ માસ પછી અને ૧૨મહિના પહેલા મમતા દિવસે ઓરી ની રસી સાથે વિટામીન-એ આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ કરાવ્યા બાદ ત્રીજો હપ્તો મળવા પાત્ર થશે. |
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | નાણા સીધા લાભાર્થી ના ક્રોસચેકથી બેંક ખાતા માં / પોસ્ટ ઓફીસ ખાતામાં જમા થશે. |

## ૦૯-જનની શિશું સુરક્ષા કાર્યક્રમ (J.S.S.K.)

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | **જનની શિશું સુરક્ષા કાર્યક્રમ** |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ | તમામ સગર્ભા માતા ને પ્રસુતિ બાદ ૪૨ દિવસ સુધી અને નવજાતશિશું ને ૧ વર્ષ સુધી સરકારી સંસ્થાઅ ઓમાં નિ:શૂલ્ક આરોગ્ય સારવાર. |
| 3 | યોજના અંતર્ગત સહાય/લાભ | સગર્ભા માતા ઓ ને મળવા પાત્ર સેવાઓ :<br>• મફત સંસ્થાકીય પ્રસુતિ સેવા નિ:શૂલ્ક સિઝેરિયન સેવા, મફત દવા, સર્જીકલ અને અન્ય સામગ્રી મફત લેબોરેટરી સેવાઓ, લોહીની તપાસ, પેસાબની તપાસ, સોનોગ્રાફી વગેરે.<br>• હોસ્પિટલ રહે તે દરમિયાન ની:શૂલ્ક ભોજન<br>• જરૂર પડે ત્યારે નિ:શૂલ્ક રક્ત, મફત એમ્બ્યુલન્સ સેવા – ઘરે થી હોસ્પિટલ, હોસ્પિટલ થી મોટી હોસ્પિટલ તથા ઘરે પરત.<br>• હોસ્પિટલ કોઈ પણ પ્રકાર ની ફી માંથી મુક્તિ<br>નવજાત શિશુ ને ૧ વર્ષ સુધી મળવા પાત્ર સેવાઓ:<br>• નિ:શૂલ્ક સારવાર<br>• મફત દવા સર્જીકલ અને અન્ય સામગ્રી<br>• મફત લેબોરેટરી સેવાઓ<br>• જરૂર પડે ત્યારે નિ:શૂલ્ક રક્ત<br>• મફત એમ્બયુલન્સ સેવા – ઘરેથી હોસ્પિટલ, હોસ્પિટલ થી મોટી હોસ્પિટલ તથા ઘરે પરત<br>• હોસ્પિટલ ની કોઈ પણ પ્રકાર ની ફી માંથી મુક્તિ |
| ૪ | યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ | પ્રસુતિ સેવા ઓ માટે કોઈ પણ સરકારી દવાખાને જવાનું રહેશે. |
| ૫ | યોજના નો લાભ ક્યાંથી મળશે | તમામ પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર અને ડીસ્ટ્રીકટ હોસ્પિટલ |

## ૧૦-મમતા સખી

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | **મમતા સખી** |

| | | |
|---|---|---|
| ૨ | **યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ** | • આ યોજના માં રાજ્ય માં તમામ સરકારી દવાખાના ઓ માં તમામ પ્રસુતા બહેનો ને |
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | • આ યોજના હેઠળ સગર્ભા ના પ્રસુતિ સમય દરમિયાન<br>• કુટુંબી એક મહિલા સદસ્ય ને સરકારી હોસ્પિટલ / સંસ્થા ઓ માં પ્રસુતા ને માનસિક ટેકા માટે તથા તેણી ની કાળજી રાખવા સારું લેબર રૂમ માં મમતા સખી તરીકે સતત હાજરી રહી શકે છે.<br>• આ યોજના અંતર્ગત કોઈ પણ જાતની નાણાકીય સહાય ચુકવવા માં આવતી નથી. |
| ૪ | **યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ** | • આ યોજના માં કોઈ નાણાકીય સહાય નથી. |
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | તમામ પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર અને ડીસ્ટ્રીકટ હોસ્પિટલ |

## ૧૧-મમતા ઘર

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | મમતા ઘર |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ | કોઈ પણ સગર્ભા |
| ૩ | યોજના અંતર્ગત સહાય/લાભ | નક્કી કરેલ પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર, જિલ્લા હોસ્પિટલ કે એન.જી,ઓ. હોસ્પિટલ જ્યાં "મમતા ઘર" મંજુર થયેલ છે ત્યાં સગર્ભા માતા ને તેની સુવાવડ ની તારીખ પહેલા આવી ને રહી શકે છે. તે દરમ્યાન સગર્ભા ને જરૂરી પોષણ ક્ષમ આહાર, તબીબી સેવાઓ વિના મૂલ્યે મળવાપાત્ર છે તથા સાથે આવનાર વ્યક્તિ ને પણ વિના મુલ્યે આહાર આપવાની સગવડ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત કોઈ રોકડ લાભ મળવાપાત્ર નથી. |
| ૪ | યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ | "મમતા ઘર" માં પોતાનું નામ નોધાવવા નું રહેશે. |
| ૫ | યોજના નો લાભ ક્યાંથી મળશે | યોજના નો લાભ નક્કી કરેલ સ્વાસ્થ્ય કેન્દ્ર ઉપર ચાલુ કરવા માં આવેલ "મમતા ઘર" ઉપર થી મળશે. |

## ૧૨-મિશન બલમ સુખમ ( ગુજરાત સ્ટેટ ન્યુટ્રીશન મિશન )

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | મિશન બલમ સુખમ ( ગુજરાત સ્ટેટ ન્યુટ્રીશન મિશન ) |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ | ૦-૫ વર્ષ સુધી ના તમામ કુપોષિત અને અતી કુપોષિત બાળકો |
| ૩ | યોજના અંતર્ગત સહાય/લાભ | આ યોજના અંતર્ગત૦-૫ વર્ષા ન કુપોષિત તથા અતી કુપોષિત બાળકોને ક્ષેત્રીય તથા સંસ્થા ખાતે સારવાર આપવા માં આવે છે. બિમાર કુપોષિત અને અતીકુપોષિત બાળકો ને આરોગ્યસંસ્થા ખાતે કાર્યરતબાળ સેવા કેન્દ્ર (CMTC) અને બાળ સંજીવની કેન્દ્ર (NRC) ખાતે તબીબી સારવાર અને પોષણ પુનવર્સન અર્થ મોકલવા માં આવેછે. |
| ૪ | યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ | આગણવાડી કાર્યકર અને આશા ગામ ના તમામ બાળકો ને નોધણી ફરિયાદ બનાવ શે.<br>ત્યાર બાદ એ.એન.એમ. આ બાળકો નું સ્ક્રીનીગ કરશે. સામાન્ય તથા સઘન તબીબી સારવાર ની જરૂરિયાત વાળા બાળકો ને ક્રમશઃ પ્રા.આ.કેન્દ્ર / |

| | | |
|---|---|---|
| | | સા.આ.કેન્દ્ર ખાતે કાર્યરત બાળ સેવા કેન્દ્ર ( CM TC) પર અને જિલ્લા હોસ્પિટલ / મેડીકલ કોલેજ હોસ્પિટલ ખાતે કાર્યરત બાળસંજીવની કેન્દ્ર (NRC)પર સારવાર અર્થ મોકલવા માં આવશે. ઉપરાંત મમતા દિવસે અને હોસ્પિટલ OPD દરમિયાન અતિ કુપોષિત બાળકો નું સ્કીનીંગ કરી તે ઓં ને / બાળ સેવા કેન્દ્ર (CMTC) / બાળ સંજીવની કેન્દ્ર (NRC) પર રીફર કરવા માં આવશે. |
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | યોજના નો લાભ તાલુકા કક્ષા એ સા.આ. કેન્દ્ર અને જીલ્લા કક્ષા એ જીલ્લા હોસ્પિટલ / મેડીકલ કોલજ હોસ્પિટલ માં આ યોજના નો લાભ આપવા માં આવશે. |

## ૧૩-શાળા આરોગ્ય – રાષ્ટીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (R.B.S.K.)

| **અ.નં.** | **વિગતો** | |
|---|---|---|
| ૧ | **યોજના નું નામ/પ્રકાર** | **શાળા આરોગ્ય – રાષ્ટીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ** |
| ૨ | **યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ** | • નવજાત શિશુ થી ૧૪ વર્ષ ના તમામ બાળકો<br>• પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ના ૧૮ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ,<br>મદ્રેસા અને ચિલ્ડ્રન હોમ ના બાળકો. |
| 3 | **યોજના અંતર્ગત સહાય/લાભ** | ૧.આરોગ્ય તપાસ અને સારવાર<br>૨. સંદર્ભ સેવા<br>3. વિનામૂલ્યે ચશ્માં વિતરણ<br>૪. કેન્સર, હદય તેમજ કીડની જેવા ગંભીર રોગ ની કીડની પ્રત્યારોપણ સહિત ની સારવાર<br>૫. લીવર ટ્રાન્સપ્લાન્ટ, કોકલીયર ઈમ્પ્લાન્ટ અને કલબ ફૂટ સારવાર |
| ૪ | **યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ** | શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય તપાસ અને સારવાર આરોગ્ય ટીમ દ્વારા કરવા માં આવે છે. વધુ સારવાર ની જરૂર જણાય તો સી.એચ.સી. હોસ્પિટલ માં સંદર્ભ સેવા આપવા માં આવે છે. જે નું સંદર્ભ કાર્ડ તબીબી અધિકારી દ્વારા આપવા માં આવે છે. હદય, કીડની જેવી ગંભીર બીમારી વાળા બાળકો ને રાજ્યો ની અપેક્ષા હોસ્પિટલ માં વિનામુલ્યે સારવાર આપવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | નજીક ના સરકારી દવાખાના પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર, અર્બન હેલ્થ સેન્ટર અને જનરલ હોસ્પિટલ |

## ૧૪-રાષ્ટીય સ્વાસ્થ્ય વીમા યોજના (R.S.B.Y.)

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | **યોજના નું નામ/પ્રકાર** | **રાષ્ટીય સ્વાસ્થ્ય વીમા યોજના (R.S.B.Y.)** |
| ૨ | **યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ** | બી.પી.એલ. કુટુંબો, બિલ્ડીંગ એન્ડ અનધરકન્સ્ટ્રકશન વર્કર, રેલ્વે પોર્ટર (કુલી), બીડી વર્કર અને મનરેગા ( MGNREGA ) શ્રમિકોને (જેમણે ૧૫ દિવસ ની રોજગારી મળેલ છે) ને યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. જેમાં પાંચ વ્યક્તિઓ નો સમાવેશ કરવામાં આવે છે. પતિ-પત્ની અને ત્રણ ઘરના બીજા સભ્યોનો સમાવેશ કરવા માં આવે છે. ત્રણ વર્ષ સુધી ના શિશું ને છઠા સભ્ય તરીકે લાભ મળશે. |
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | રૂ.૩૦૦૦૦/- સુધી નો આરોગ્ય વીમો અને સિનિયર સીટીઝન માટે વધારાના ૩૦૦૦૦/-નો આરોગ્ય વિમો આપવામાં આવે છે. |
| ૪ | **યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ** | આ યોજના નો લાભ લેવા માટે જયારે લાભાર્થી ના વિસ્તાર માં રજીસ્ટ્રેશન ચાલતું હોય ત્યારે જેતે કુટુંબ પાસેબી.પી.એલ. કાર્ડ હોય તેમણે રૂ.૩૦/- રજીસ્ટ્રેશન ફી ભરી રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહે છે. માત્ર રજીસ્ટર્ડ થયેલ કુટુંબો નેજ યોજના નો લાભ મળવા પાત્ર રહે છે. |
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | યોજના માં જોડાયેલ તમામ સરકારી સંસ્થા તથા ખાનગી હોસ્પિટલ સારવાર આપવામાં આવે છે. |

## ૧૫ – મુખ્ય મંત્રી અમૃતમ "માં" યોજના/"માં વાત્સલ્ય" યોજના

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજના નું નામ/પ્રકાર | મુખ્ય મંત્રી અમૃતમ યોજના – માં યોજના |
| ૨ | યોજના ના લાભાર્થી ની પાત્રતા નાં માપદંડ | આ યોજના રાજય ના તમામ જીલ્લા ના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તાર ના ( નગરપાલિકા વિસ્તાર, મહાનગરપાલિકા વિસ્તાર અને નોટીફાઈડ એરીયા) ગ્રામ્ય વિકાસ વિભાગ અને શહેરી વિકાસ વિભાગ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ ના (મહતમ ૫ વ્યક્તિ સુધી) ને લાગુ પાડવા માં આવી છે. તેમજ હાલ માં વાત્સલ્યયોજના અંતર્ગત "વાર્ષિક રૂા. 3 લાખ "થી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગ ના પરિવારો ના તમામ સભ્યોને લાભ (મહતમપવ્યક્તિ સુધી) આપવા માં આવશે. નવા જન્મ તા બાળકને ત્રણ વર્ષ ની ઉમર થાય ત્યા સુધી છઠા સભ્ય તરીકે લાભ મળવા પાત્ર રહે છે. (સીનિયર સીટીઝન માટે આવક મર્યાદા રૂ/ ૬ લાખ સુધી ની રહેશે.) |
| 3 | યોજના અંતર્ગત સહાય/લાભ | આ યોજના હેઠળ હદય, મગજ અને કીડની ને લગતી ઘનિષ્ઠ સારવાર બર્ન્સ કેન્સર, ગંભીર ઈજાઓ તેમજ નવજાતશીશી ઓ ના રોગો જેવી ગંભીર બીમારી ઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહતમ રૂ.300000/-(અંકે રૂપિયા ત્રણ લાખ ) સુધી ની કેશ લેશ સારવાર આપવા માં આવે છે. |
| ૪ | યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ | આ યોજના નો લાભ મેળવવા માટે સૌ પ્રથમ "માં કે માં વાત્સલ્ય" કાર્ડ કઢાવવું જરૂરી છે. જે તાલુકા કિઓસ્ક પરથી જરૂરી ડોક્યુમેન્ટ આપી મેળવી લેવાનું રહેશે. |
| ૫ | યોજનાનનો લાભ ક્યાંથી મળશે | આ યોજના હેઠળ નિયત ચેકલીસ્ટ અનુસાર સગવડતા ધરાવતી સરકારી / અનુદાનમેળવતી સંસ્થાઓ / ખાનગી હોસ્પિટલોને કરાર બદ્ધ કરવા માં આવે છે. આ કરાર બધ્ધ થયેલ હોસ્પિટલ માં લાભાર્થી ઓ નેસારવાર નો લાભ આપવા માં આવે છે. |

## ૧૬-રાષ્ટ્રીય વાહક જન્યરોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત લાભર્થીઓને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાની પૂરી પાડવી.

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ/પ્રકાર | રાષ્ટ્રીય વાહક જન્યરોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત લાભર્થી |

| | | |
|---|---|---|
| | | **ઓને જંતુ નાશક દવાયુક્ત મચ્છરદા ની પૂરી પાડવી.** |
| ૨ | **યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ** | મેલેરિયા માટે સંવેદનશીલ વિસ્તારોમાં સમાવેશ પામતા ગામના લાભાર્થી કુટુંબો. |
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | કુટુંબદીઠ ઘરના વ્યક્તિની સંખ્યાને ધ્યાને લઇ મચ્છરદાની પૂરી પાડવી. |
| ૪ | **યોજનાનો લાભ મેળવવા માટે ની પદ્ધતિ** | મેલેરિયા માટે ના જોખમી વિસ્તારોમાં સમાવેશ પામતા લાભાર્થી કુટુંબોએ આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો. |
| ૫ | **યોજનાનો લાભ ક્યાંથી મળશે** | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી ગ્રામ્ય કક્ષા નાં આરોગ્ય કર્મચારી મારફતે. |

# ૧૭-રાષ્ટ્રીય રક્તપિત નિર્મુલન કાર્યક્રમ

<table>
<tr><th>અ.નં.</th><th colspan="2">વિગતો</th></tr>
<tr><td>૧</td><td>યોજનાનુંનામ/પ્રકાર</td><td>રાષ્ટ્રીય રક્તપિત નિર્મુલન કાર્યક્રમ</td></tr>
<tr><td>૨</td><td>યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ</td><td>૧.રક્તપિતનાં ચિન્હો-લક્ષણો ધરાવતા તમામ દર્દીઓને બહું ઔષોધિક સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં<br>આવે છે.<br>૨.પગમાં બધિરતા ધરાવતાત મામરક્તપિતગ્રસ્તોને માઈક્રોસેલ્યુલરસબર (MCR) પગરખા વિનામૂલ્યે પુરા<br>પાડવામાં આવે છે.<br>૩.વિકૃત ધરાવતા તમામ રક્તપિતગ્રસ્તોને ભારત સરકારશ્રી દ્વારા માન્ય થયેલની ચેદર્શાવેલસેન્ટર ખાતે<br>વિનામૂલ્યે રિકન્સ્ટ્રકટી વસર્જરી કરી આપવામાં આવે છે.<br>: સિવિલ હોસ્પિટલ, અમદાવાદ<br>: એસ.એસ.જી.હોસ્પિટલ,વડોદરા<br>: સિવિલ હોસ્પિટલ, મજુરગેટ , સુરત</td></tr>
<tr><td>૩</td><td>યોજના અંતર્ગત સહાય/લાભ</td><td>૧.રક્તપિતનાં દર્દીઓને બહુ ઔષોધીય સારવાર તમામ પ્રા.આ.કેન્દ્ર/ સા.આ.કેન્દ્ર અને જનરલ હોસ્પિટલ માં વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.<br>૨.પગમાં બધિરતા ધરાવતા તમામ રક્તપિતગ્રસ્તોને માઈક્રોસેલ્યુલરરબર (MCR) પગરખાં વર્ષમાં બેવાર વિનામૂલ્યે પુરાપાડવામાં આવે છે.<br>૩.વિકૃતિ ધરાવતા રક્તપિતગ્રસ્તોને વિકૃતી દુરકરવા માટે રિકન્સ્ટ્રકટી વસર્જરી ભારત સરકારશ્રી દ્વારા માન્ય સેન્ટર ખાતે કરાવી આપવામાં આવે છે. આમા ન્યસેન્ટર ખાતે મેજર રિકન્સ્ટ્રકટીવ સર્જરી કરાવનાર રક્તપિતગ્રસ્તો ને રૂ.૮૦૦૦/- તેમજ રિકન્સ્ટ્રકટીવ સર્જરી કરી આપનાર માન્ય સેન્ટરને મેજરસર્જરી દીઠ રૂ.૫૦૦૦/- ચુકવવામાં આવે છે.<br>૪.રક્તપિતગ્રસ્તો ને રિકન્સ્ટ્રકટીવ સર્જરી માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે ત્યાર થી હોસ્પિટલ માંથી ડીસચાર્જ થાય ત્યાં સુધી વેજ્લોસ દૈનિક રૂ.૫૦/- મહતમ ૨૦ દિવસ સુધી ચુકવવાની જોગવાઈ છે.<br>૫.સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિતર હોસ્પિટલોને દર્દીની સંખ્યા મુજબ પથારી દીઠ રૂ.૭૫/- લેખે આર્થિક સહાય ચુકવવામાં આવે છે.</td></tr>
<tr><td>૪</td><td>યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ</td><td>૧.માઈક્રોસેલ્યુલરરબર (MCR) પગરખા: MCR પગરખા મેળવવામા ટેપગમાં બધિરતા ધરાવતા રક્તપિતગ્રસ્તને કોઈઆ ધાર પુરાવાની જરૂર રહેતી નથી.<br>૨. રિકન્સ્ટ્રકટીવસર્જરી (RCS): મેજર રિકન્સ્ટ્રકટીવ સર્જરી કરાવનાર રક્તપિતગ્રસ્તને ભારત સરકાર દ્વારા માન્ય કરેલ સ્ન્સ્થાઓમાં ઓપરેશન કરાવેલ છે. તેનો દસ્તાવેજી પુરાવો (૧)એસ.એસ.જીહોસ્પિટલ,વડોદરા(૨)નવી સિવિલ હોસ્પિટલ , અમદાવાદ (૩)સિવિલ હોસ્પિટલ , સુરત પૈકી એક નો રજુ કરવાનો રહેશે.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| ૫ | **યોજનાનો લાભ ક્યાંથી મળશે** | ૧.માઈક્રોસેલ્યુલરરબર (MCR) પગરખા: જીલ્લા રક્તપિત અધિકારી /જીલ્લાક્ષય અધિકારીશ્રીની કચેરી ખાતેથી વિના મૂલ્યે પુરાપાડવામાં આવે છે.<br>૨. રિકન્સ્ટ્રકટીવ સર્જરી (RCS): જીલ્લા રક્તપિત અધિકારી / જીલ્લાક્ષય અધિકારીશ્રી ની કચેરી ખાતેથી વિના મૂલ્યે કરાવી આપવામાં આવે છે.<br>૩.બહુ ઔષોધીય સારવાર (MDT): તમામ પી.એચ.સી/સી.એચ.સી, જનરલ હોસ્પિટલમાં વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. |

# ૧૮-નેશનલ આર્યન+ઇનીશેટીવ (N.I.P.I.)

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનુંનામ/પ્રકાર | નેશનલ આર્યન+ઇનીશેટીવ |
| ૨ | યોજનાના લાભાર્થી ની પાત્રતાનાં માપદંડ | ૧. ૬ મહિનાથી ૫ વર્ષ સુધીનાં તમામ બાળકો (પ્રીસ્કુલ)<br>૨. સરકારી અને સરકારી સહાય મેળવતી શાળાઓ કક્ષા ૧ થી ૧૨ સુધીના તમામ બાળકો<br>૩. ૫ થી ૧૦ વર્ષ સુધી નાબાળકો શાળાએ જતાનથી તેવા બાળકોને પણ આંગણવાડીમાં આવરીલેવામાં આવે છે.<br>૪. ૧૦ થી ૧૯ વર્ષ સુધીની તરૂણીઓ<br>૫. સગર્ભા અને ધાત્રી માતાઓ<br>૬. પ્રજનનવય ની ૨૦ થી ૪૯ વર્ષની તમામ મહિલાઓ<br>૧. આ યોજના અંતર્ગત ઉપર દર્શાવેલ લાભાર્થી ઓને આર્યન ની ગોળીઓ તથા આર્યન સીરપ આપવામાં આવે છે.<br>૨. સરકારી સંસ્થાઓમાં એનિમિયાની ગંભીરતા પ્રમાણે સારવાર આપવામાં આવે છે. જેમાં બ્લડટ્રાન્સફુઝન અને આર્યનસુકોઝ ઇન્જેક્શન થેરેપી સામેલ છે. |
| ૩ | યોજના અંતર્ગત સહાય/લાભ | ૧.૬મહિનાથીપવર્ષસુધીનાબાળકોનોઅઠવાડિયામાંબેવારનાIFA સિરપઆશાદ્વારાઆપવામાંઆવેછે.<br>૨. ૫ વર્ષ થી ૧૯ વર્ષ સુધી નાસ્કુલજતા બાળકોના શાળાનાં શિક્ષક દ્વારા અને શાળા એન જતા બાળકોને આંગણવાડી વર્કર દ્વારા અઠવાડિયામાં એકવાર IFA ગોળી આપવામાં આવે છે.<br>૩. સગર્ભા અને ધાત્રીમાતાઓને સગર્ભાવસ્થાનાં પ્રથમ ત્રણ માસ બાદથી પ્રસુતિ સુધી તથા ધાત્રીમાતાને પ્રસુતિ બાદથી પ્રથમ છ માસ સુધી દરરોજ IFA ની ગોળી ફીમેલ હેલ્થ વર્કર અને આશા દ્વારા આપવામાં આવે છે.<br>૪. પ્રજનન વયની તમામ મહિલાઓને આશા દ્વારા અઠવાડિયામાં એકવાર IFA ની ગોળી આપવામાં આવે છે. |
| ૪ | યોજના નો લાભ મેળવવા માટે ની પદ્ધતિ | તમામ સરકારી અને સરકારી સહાય મેળવતી આરોગ્ય સંસ્થાઓમાં અને શાળા ઓમાં, આંગણવાડીમાં, આશા દ્વારા ઘરેઘરે થી લાભ મળશે. |
| ૫ | યોજનાનો લાભ ક્યાંથી મળશે | તમામ સરકારી અને સરકારી સહાય મેળવતી આરોગ્ય સંસ્થાઓમાં અને શાળા ઓમાં, આંગણવાડીમાં, આશા દ્વારા ઘરેઘરે થી લાભ આપવામાં આવશે. |

# ૧૯- અટલ સ્નેહ યોજના ૨૫ ડિસેમ્બર ૨૦૧૬ થી શરુઆત

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | **યોજનાનું નામ/પ્રકાર** | **અટલ સ્નેહ યોજના ૨૫ ડિસેમ્બર ૨૦૧૬ થી શરુઆત** |
| ૨ | **યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ** | જન્મજાત ખામીઓની ઓળખ અને સારવાર માટેની યોજના<br>• કલ્બફૂટ (વળેલાપગ)<br>• ક્લેફ્ટલીફ / પેલેટ (કપાયેલો હોઠ અને કપાયેલ તાળવું)<br>• ડાઉનસિન્ડ્રોમ ( અસમ પ્રમાણ માથુ અને અસામાન્ય ચહેરો)<br>• ન્યુરલટ્યુબડીફેક્ટ (કરોડરજુ ને લગતી ખામીઓ)<br>• ડેવલપમેન્ટલ ડીસપ્લેસીયા ઓફ હીપ (થાપા નું કુંગઠન)<br>• જન્મ જાત મોતીયો<br>• જન્મ જાત બધીરતા<br>• જન્મ જાત હૃદય ના રોગ<br>• રેટીનો પેથી ઓફ પ્રીમેચ્યોરીટી<br>• અન્ય |
| 3 | **યોજના અંતર્ગત સહાય/લાભ** | • સરકારી / જી.એમ.ઈ.આર.એસ. મેડીકલકોલેજ, તમામ<br>• યુ.એન.મહેતા, ઇન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચસેન્ટર, અમદાવાદ<br>• ઇન્સ્ટીટયુટ ઓફ કીડનીડીસીઝ, અમદાવાદ<br>• ગુજરાત કેન્સર રિસર્ચઇન્સ્ટીટયુટ, અમદાવાદ<br>• સ્માઈલટ્રેનસંલગ્ન હોસ્પિટલ<br>• જીલ્લા અર્લીઈન્ટરવેન્શન સેન્ટર<br>• જીલ્લા હોસ્પિટલ, તમામ |
| ૪ | **યોજના નો લાભ મેળવવા માટેની પદ્ધતિ** | તમામ સરકારી અને સરકારી સહાય મેળવતી આરોગ્યની સેવા આપતી હોસ્પિટલો અને ફંક્શન ડીલીવરી પોઇન્ટ પરથી રેફરલસુવિધા મળશે |
| ૫ | **યોજનાનો લાભ ક્યાંથી મળશે** | તમામ ડીલીવરી પોઇન્ટસ:-<br>• સબસેન્ટર<br>• પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર<br>• સામુહિક આરોગ્ય કેન્દ્ર<br>• સબ જીલ્લા હોસ્પિટલો<br>• જીલ્લા હોસ્પિટલો<br>• મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો<br>• ખાનગી નર્સિંગહોમ<br>• ખાનગી હોસ્પિટલો<br>• ટ્રસ્ટ હોસ્પિટલો |

## ૨૦- વૈદકિય સહાય(ટી.બી., એચ.આઇ.વી., કેન્સર, અને રક્તપિત્ત)

<table>
<tr><th>અ.નં.</th><th colspan="4">વિગતો</th></tr>
<tr><td>૧</td><td>યોજના નું નામ/પ્રકાર</td><td colspan="3">વૈદકિય સહાય ટી.બી., એચ.આઇ.વી., કેન્સર, અને રક્તપિત્ત</td></tr>
<tr><td>૨</td><td>યોજનાના લાભાર્થી ની પાત્રતાનાં માપદંડ</td><td colspan="3">વૈદકિય સહાય માટે અરજદાર/ લાભાર્થીની ગ્રામ્ય વિસ્તાર માટે આવક મર્યાદારૂા.૧૨૦૦૦૦/- તથા શહેરી વિસ્તારમાં આવક મર્યાદા નું ધોરણ રૂા.૧૫૦૦૦૦/-થી નીચી આવક ધરાવતા કુટુંબો</td></tr>
<tr><td rowspan="7">3</td><td rowspan="7">યોજના અંતર્ગત સહાય/લાભ</td><td>ક્રમ</td><td>વિગત</td><td>તબીબી સહાય ની રકમ</td></tr>
<tr><td>0૧</td><td>કેન્સર માટે પ્રતિ માસ</td><td>૧,000/-</td></tr>
<tr><td>0૨</td><td>રક્તપિત માટે દવા ચાલે ત્યાં સુધી</td><td>૮00/- પ્રતિ માસ</td></tr>
<tr><td>03</td><td>ક્ષય(ટી.બી.) માટે દવા ચાલે ત્યાં સુધી</td><td>૫00/- પ્રતિ માસ</td></tr>
<tr><td>0૪</td><td>એચ.આઇ.વી. એઇડસ ગ્રસ્ત ART ની દવા લેતા દર્દી માટે (આજીવન)</td><td>૫00/- પ્રતિ માસ</td></tr>
<tr><td>0૫</td><td>પ્રસુતિના ગંભીર રોગના કિસ્સામાં</td><td>૫00/-</td></tr>
<tr><td>0૬</td><td>સ્ત્રીઓને થતા પાંડુરોગ ના માટે</td><td>૧૫0/-</td></tr>
<tr><td>૪</td><td>યોજનાનો લાભ મેળવવા માટે ની પદ્ધતિ</td><td colspan="3">પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિયત નમુનામાં આવકનો દાખલો, સક્ષમ અધિકારીએ આપેલ જાતિ નો દાખલો, ફોટો આઇ.ડી., રહેઠાણનો પુરાવો, દર્દ ના તપાસણી કાગળો અને અન્ય સહિત અરજી કરવાની રહેશે.</td></tr>
<tr><td>૫</td><td>યોજનાનો લાભ ક્યાં થી મળશે</td><td colspan="3">પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર, તાલુકા આરોગ્ય કચેરી અરજી કરવાની રહેશે.</td></tr>
</table>

## ૨૧- મુખ્યમંત્રી નિ:શુલ્ક નિદાન યોજના (M.N.Y.)

<table>
<tr><th>અ.નં.</th><th colspan="2">વિગતો</th></tr>
<tr><td>૧</td><td>યોજનાનુંનામ/પ્રકાર</td><td>મુખ્યમંત્રી નિ:શુલ્ક નિદાન યોજના (M.N.Y.)</td></tr>
<tr><td>૨</td><td>યોજનાના લાભાર્થીની</td><td>કોઇ પણ વ્યક્તી તેનો લાભ લઇ શકે છે.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | પાત્રતાનાં માપદંડ | |
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | નિ:શુલ્ક લેબોરેટરી તપાસ |
| ૪ | **યોજનાનો લાભ મેળવવા માટે ની પદ્ધતિ** | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને જનરલ હોસ્પિટલ ખાતેથી આયોજના અંતર્ગત નિ:શુલ્ક લેબોરેટરી તપાસ લેબ ટેક્નિશ્યન દ્વારા કરવામાં આવશે |
| ૫ | **યોજનાનો લાભ ક્યાંથી મળશે** | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને જનરલ હોસ્પિટલ ખાતે થી મળશે. |

## ૨૨- પ્રધાન મંત્રી સુરક્ષિત માતૃત્વ અભીયાન (P.M.S.M.A.)

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનુંનામ/પ્રકાર | **પ્રધાન મંત્રી સુરક્ષિત માતૃત્વ અભીયાન (P.M.S.M.A.)** |
| ૨ | યોજના ના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ | તમામ સગર્ભા મહિલાઓ |
| 3 | યોજના અંતર્ગત સહાય/લાભ | સગર્ભા માતા નું સ્ક્રીનીંગ, તબીબી અધિકારી દ્વારા તપાસ, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા સોનોગ્રાફી લેબોરેટરી તપાસ, તબીબી સારવાર મફત સારવાર કરવામાં આવશે. |
| ૪ | યોજનાનો લાભ મેળવવા માટે ની પદ્ધતિ | આ યોજના અંતર્ગત પ્રત્યેક માસની ૦૯ મી તારીખે તમામ આરોગ્ય સંસ્થાઓ ખાતે પૂર્વ પ્રસુતિ તપાસ, નિદાન નિ:શુલ્ક સેવાઓ આપવામાં આવશે |
| ૫ | યોજનાનો લાભ ક્યાં થી મળશે | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા જનરલ હોસ્પિટલ અને સ્વૈચ્છિક જોડાયે લખાનગી હોસ્પિટલ ખાતે થી મળશે. |

## ૨૩- સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સર નું સ્ક્રીનીંગ, નિદાન અને સારવાર કાર્યક્રમ

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનુંનામ/પ્રકાર | **સ્તન અને ગર્ભાશ્ય ના મુખના કેન્સર નું સ્ક્રીનીંગ, નિદાન અને સારવાર કાર્યક્રમ** |
| ૨ | યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ | ૩૦ થી ૫૯ વર્ષની તમામ મહિલા |
| 3 | યોજના અંતર્ગત સહાય/લાભ | સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સર નાં પ્રાથમિક લક્ષણો દ્વારા ૩૦ થી ૫૯ વયજુથની તમામ મહિલાઓનું મહિલા આરોગ્ય કાર્યકર દ્વારા પ્રાથમિક સ્તરેસ્ક્રીનીંગ કરવામાં આવે છે.<br>પ્રાથમિક સ્ક્રીનીંગ દરમ્યાન શોધાયેલ શંકાસ્પ દદર્દીને વધુ તપાસ અર્થે રેફરલ સુવિધા અર્થે મોકલવામાં આવે છે. |
| ૪ | યોજનાનો લાભ મેળવવા માટે ની પદ્ધતિ | આ યોજનાનો લાભ મેળવવા આપના વિસ્તારની આશા અને સ્ત્રી આરોગ્ય કાર્યકરનો સંપર્ક કરવા નો રહેશે. |
| ૫ | યોજનાનો લાભ ક્યાંથી મળશે | આ યોજનાનો લાભ મેળવવા આપ ના વિસ્તારની આશા અને સ્ત્રી આરોગ્ય કાર્યકર દ્વારા અને તમામ સરકારી દવાખાનાઓ માં મળશે. |

## ૨૪- માસિક ઋતુચક્ર આરોગ્ય (મેન્સ્ટ્રુઅલ હાયજીન) કાર્યક્રમ

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનુંનામ/પ્રકાર | **માસિક ઋતુચક્ર આરોગ્ય (મેન્સ્ટ્રુઅલ હાયજીન) કાર્યક્રમ** |
| ૨ | **યોજનાના લાભાર્થી ની પાત્રતાનાં માપદંડ** | ૧૨ થી ૧૯ વર્ષની તમામ બાળાઓ અને કિશોરીઓ |
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | આ યોજના અંતર્ગત માસિક ઋતુચક્ર (મેન્સ્ટ્રુઅલ હાયજીન) દરમ્યાન તેઓએ રાખવાની થતી સ્વચ્છતા બાબતે આશા અને સ્ત્રી આરોગ્ય કાર્યકર દ્વારા જાણકારી આપવામાં આવે છે. તથા આ બાળાઓને માસિક ઋતુચક્ર (મેન્સ્ટ્રુઅલ હાયજીન) દરમ્યાન સ્વાસ્થ્ય અને સ્વચ્છતા જળવાય તે માટે સેનેટરીનેપકીન આપવામાં આવે છે. |
| ૪ | **યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ** | ૧૨ થી ૧૯ વર્ષની બાળાઓને આ યોજના અંતર્ગત લાભ લેવા માટે તેઓનાં વિસ્તારની આશા પાસે નામ નોંધાવવાનું રહેશે. |
| ૫ | **યોજનાનો લાભ ક્યાંથી મળશે** | આ યોજનાનો લાભ જેતે વિસ્તારની આશા તથા સ્ત્રી આરોગ્ય કાર્યકર પાસેથી મળશે. |

## ૨૫- આરોગ્ય સેતુ કાર્યક્રમ

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનુંનામ/પ્રકાર | **આરોગ્ય સેતુ કાર્યક્રમ** |
| ૨ | **યોજનાના લાભાર્થી ની પાત્રતાનાં માપદંડ** | કોઇ પણ વ્યક્તી લાભ લઇ શકે |
| ૩ | **યોજના અંતર્ગત સહાય/લાભ** | પૂર્વ પ્રસુતિ, પ્રસુતિ અને અનુપ્રસુતિત પાસગંભિર લક્ષણો ધરાવતી સગર્ભા ને રેફરલ સુવિધા, ગર્ભપાત પછી ની સારવાર અને અન્ય જીવન જરૂરી આરોગ્ય લક્ષી સેવાઓ |
| ૪ | **યોજનાનો લાભ મેળવવા માટે ની પદ્ધતિ** | તમામ પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે થી અઠવાડીયા ના નક્કી કરેલ ૦૨ (બે) દિવસે તમામ વ્યક્તીને મળશે. |

| | | |
|---|---|---|
| ૫ | **યોજના નો લાભ ક્યાંથી મળશે** | તમામ પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે થી અઠવાડીયા ના નક્કી કરેલ ૦૨(બે) દિવસે બપોરે ૧૪:૦૦ થી ૧૬:૦૦ કલાક સુધી |